સંક્ષિપ્ત સમાચાર

હત્યાના ગુનામાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન મંજૂર

સુરત જિલ્લાના સચિન GIDC પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા C.R. નં. 11210002253981/2025 ના ગુનામાં આરોપી દિલીપ જુબનસિંહ નિગવાલને ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. 06/07/2026ના રોજ જામીન મંજૂર કરવામાં આવ્યા છે. આરોપી તરફે એડવોકેટ હુસૈન એ. શેખ તથા એડવોકેટ ઉમૈર આઈ. ઘડિયાલી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે તપાસ પૂર્ણ થઈ ચૂકી છે, ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે, અરજદારનો કોઈ ગુનાહિત ઇતિહાસ નથી તેમજ તેની સામે કોઈ સીધી હુમલાખોરીની ભૂમિકા નથી. જ્યારે રાજ્ય સરકાર તરફથી જામીન અરજીનો વિરોધ કરવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટ કેસની હકીકતો ધ્યાને રાખી શરતો ના આધીન જામીન મંજૂર કર્યા છે.

AMNS ઇન્ટરનેશનલના વિદ્યાર્થીઓએ યુરોપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

સુરત : AMNS ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ પોલેન્ડ અને ચેક રિપ્બ્લિકના કાર્યક્રમમાં 24 જૂનથી 3 જુલાઈ દરમિયાન ભારતનું પ્રતિનિધિતવ કર્યું હતું. ઇન્ટરનેશનલ ચિલ્ડ્ર્ન્સ ફેસ્ટિવલ - ચિલ્ડ્રન ઓફ માઉન્ટેન્સ એન્ડ વેલીઝમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતાં યુરોપના દેશોના વિદ્યાર્થીઓ સાથે લોકનૃત્યો દ્વારા લોકો ને પ્રોત્સાહિત કર્યા આ ફેસ્ટિવલ માં વિવિધ દેશોના યુવા કલાકારોને પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા પોતાની સંસ્કૃતિને ઉજાગર કરવા માટે એક અનોખું મંચ પૂરું પાડ્યું. પ્રિન્સિપાલ શ્રીમતી સુનિતા માટૂના માર્ગદર્શન હેઠળ તેમજ રંગસાગર પરફોર્મિંગ આર્ટ્સના સ્થાપક અને નિયામક શ્રી નરેશ પટેલ, શાળાના સંયોજક શ્રીમતી રશ્મિ દિવાન અને નૃત્ય શિક્ષિકા શ્રીમતી અર્પિતા મુખર્જીના માર્ગદર્શન હેઠળ આ પર્ફોમન્સ કરવામાં આવ્યું હતું.

શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યૂટ ખાતે ફ્રેશર્સ વેલકમ અને ઓરિએન્ટેશન કાર્યક્રમ

સુરત : આજરોજ તારીખ, 3 જુલાઈ, 2026 શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઇડ સાયન્સિસ (SRKI), સાર્વજનિક યુનિવર્સિટી, સુરત દ્વારા પ્રથમ વર્ષનાવિદ્યાર્થીઓ માટે "ફ્રેશર્સ વેલકમ એન્ડ ઓરિએન્ટેશન પ્રોગ્રામ - 2026 નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા ડો. કિરણ પંડ્યા, પ્રોવોસ્ટ, સાર્વજનિક યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા માટે સ્કિલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વિકાસ) નુંમહત્વ સમજાવ્યું હતું. ડો. સંજય પારેખે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP-2020) વિશેવિગતવાર માહિતી આપી હતી. .ડો. પ્રીતિ પટેલે યુનિવર્સિટીની પરીક્ષા પદ્ધતિ, આંતરિક મૂલ્યાંકન, સેમેસ્ટર સિસ્ટમ, સતત મૂલ્યાંકન, એસાઇનમેન્ટ, પ્રેક્ટિકલ અને હાજરીના નિયમોની વિગતવાર માહિતી આપી હતી.

ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં પોલિયો રસીકરણ અભિયાન યોજાયું

સુરતઃ ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલ (TMPIS) માં સુરત મહાનગરપાલિકાના સહયોગથી નર્સરી અને જુનિયર કે.જી.ના વિદ્યાર્થીઓ માટે પોલિયો રસીકરણ અભિયાન યોજાયું. તબીબી ટીમે વાલીઓની સંમતિ બાદ વિદ્યાર્થીઓને પોલિયોના રસીના ટીપાં પીવડાવ્યા. શાળાના શિક્ષકો અને સ્ટાફના સહયોગથી સમગ્ર પ્રક્રિયા સુરક્ષિત અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ. શાળાના ડિરેક્ટર અને પ્રિન્સિપાલ કે. મેક્સવેલ મનોહરે જણાવ્યું કે બાળકોનું સ્વાસ્થ્ય તેમના ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે અને શાળા ભવિષ્યમાં પણ સરકારના આરોગ્ય અભિયાનોમાં સક્રિય સહભાગી બનતી રહેશે.

એસ.ડી.જૈન મોડર્ન સ્કૂલમાં 1000થી વધુ મોડેલો સાથે વિજ્ઞાન-કળા પ્રદર્શન યોજાયું

સુરતઃ સુરતની એસ. ડી. જૈન મોડર્ન સ્કૂલમાં ફાઉન્ડર ચેરમેન સ્વર્ગસ્થ દેવરાજજી જૈનની સ્મૃતિમાં તા. 30 જૂન અને 1 જુલાઈ, 2026 દરમિયાન ભવ્ય વિજ્ઞાન અને કળા પ્રદર્શન યોજાયું. કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન અનુરાગ દુબે (IRS), એડિશનલ ઇન્કમ ટેક્સ કમિશ્નરના હસ્તે કરવામાં આવ્યું. 'સસ્ટેનેબિલિટી, ફૂડ સિક્યોરિટી, જેન્ડર ઇક્વાલિટી અને ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇન એજ્યુકેશન' વિષય આધારિત આ પ્રદર્શનમાં વિજ્ઞાન, ગણિત, ભાષા, સામાજિક વિજ્ઞાન, વાણિજ્ય અને ચિત્રકળાના 1000થી વધુ કાર્યરત મોડેલો રજૂ કરવામાં આવ્યા હતા. 2800થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. શાળાના સંચાલકો અને આચાર્ય ચેતન દાળવાળાએ વિદ્યાર્થીઓને નવીનતા અને સંશોધન તરફ પ્રેરિત કર્યા હતા.

જીવનભારતી શાળાના સ્થાપના દિન નિમિત્તે રક્તદાન શિબિર યોજાઈ

સુરતઃ શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા જીવનભારતી શાળાના 80મા સ્થાપના દિન નિમિત્તે જીવનભારતી સ્કૂલ એલ્યુમની એસોસિએશનના નેજા હેઠળ તથા સુરત રક્તદાન કેન્દ્રના સહયોગથી શુક્રવારે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શાળાના 150થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વયમર્યાદા અને શારીરિક તકલીફોને કારણે આશરે 50 ટકા દાતાઓ જ રક્તદાન કરી શક્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. મંડળના પ્રમુખ ભરતભાઈ શાહે એલ્યુમની એસોસિએશન દ્વારા રક્તદાન જેવા સામાજિક સેવાના કાર્યને બિરદાવતાં જણાવ્યું કે, આવા સેવાકીય કાર્યક્રમો સમાજ માટે પ્રેરણારૂપ છે. આ પ્રસંગે મંડળના પદાધિકારીઓ ઉપરાંત એલ્યુમની એસોસિએશનના પ્રમુખ કેતન દેસાઈ અને તેમની ટીમના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી ઇશ્વરસિંહ પટેલે વિશેષ ઉપસ્થિતિ નોંધાવી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

રાજ્ય કક્ષાની ચેમ્પિયનશિપમાં સત્ય સાંઈ સ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

સુરતઃ શ્રી સત્ય સાંઈ સ્કૂલ, સુરતે તા.28-06-2026ના રોજ BFA સ્પોર્ટ કોમ્પ્લેક્સ, માંજલપુર, વડોદરા ખાતે યોજાયેલી 2 જી U-14 અને 3જી U-19 રાજ્ય કક્ષાની ચેમ્પિયનશિપમાં શાળાના શારીરિક શિક્ષણના શિક્ષક પ્રણવ પટેલના માર્ગદર્શન હેઠળ કુલ 50 વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં U-14 ટીમ A રનર્સ અપ પ્રાપ્ત કર્યું અને U-14 ટીમ B એ ચોથું સ્થાન મેળવી શાળાનું તેમજ સુરત જિલ્લાનું નામ રોશન કર્યું હતું.

સુરતમાં રસ્તા પર તો ઠીક, ઓવરબ્રિજ પર પણ પાણી ભરાયાં

લાલ દરવાજા ફ્લાયઓવર બ્રિજ પર પાણી ભરાતા આશ્ચર્ય, બ્રિજ પર પણ ટ્રાફિક જામ સર્જાયો

સુરતઃ સુરત શહેરમાં સોમવારે સાંજે મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ગણતરીના કલાકોમાં જ ખાબકેલા ભારે વરસાદને કારણે સમગ્ર શહેર પાણી-પાણી થઈ ગયું હતું. મુખ્ય રસ્તા પરા તો ઘૂંટણસમા પાણી ભરાઈ જ ગયા હતા, પરંતુ આશ્ચર્યજનક દૃશ્યો ત્યારે જોવા મળ્યા જ્યારે શહેરના ફ્લાયઓવર બ્રિજ પર પણ નદી વહેતી હોય તેમ પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને લાલ દરવાજા ફ્લાયઓવર બ્રિજ પર વરસાદી પાણીનો ભારે ભરાવો થતાં વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા.

સામાન્ય રીતે બ્રિજ પરથી પાણી વહી જતું હોય છે, પરંતુ અહીં પાણી ભરાઈ રહેતા લોકોમાં ભારે આશ્ચર્ય અને કુતૂહલ જોવા મળ્યું હતું. જેને કારણે ઓફિસેથી ઘર તરફ પરત ફરી રહેલા નોકરિયાતો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો, અને તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ પણ ખુલ્લી પડી ગઈ હતી.

ટ્રેન વ્યવહાર ખોરવાતા સુરત સ્ટેશન પર મુસાફરોની ભીડ

■ મુંબઈમાં પડેલા ભારે વરસાદના કારણે રેલ વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો, જેના લીધે અનેક ટ્રેનો લેટ, શોર્ટ-ટર્મિનેટ અને ડાયવર્ટ થતાં સુરત રેલવે સ્ટેશન પર હજારો મુસાફરો કલાકો સુધી અટવાઈ પડ્યા હતા અને ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. પ્લેટફોર્મ અને પ્રતીક્ષા ખંડો મુસાફરોથી ચિક્કાર ભરાઈ જતાં વૃદ્ધો, મહિલાઓ અને નાના બાળકોને સ્ટેશનના પ્લેટફોર્મ પર બેસવાની ફરજ પડી હતી. ટ્રેનોના સમયમાં સતત ફેરફાર થવાના કારણે પૂછપરછ બારી પર લાંબી લાઇનો લાગી હતી અને મુસાફરો આગામી મુસાફરીને લઇને ભારે અસમંજસમાં દેખાયા હતા. (તસવીરઃ સતીષ જાદવ)

જમીન સંપાદન વળતર કેસમાં જામીન નકારાયા

આરોપીએ મૂળ જમીન માલિકનું મૃત્યુ થયું છતાં બોગસ દસ્તાવેજ બનાવી જમીન વેચી મારી ને વળતર પણ મેળવ્યું હતું

સુરતઃ ગુડ્સ ટ્રેન પ્રોજેક્ટમાં જમીન સંપાદનમાં ગઈ હોવા છતાં મૃતક જમીનમાલિક કાશીબેનના નામે બોગસ પાવર ઓફ એટર્ની બનાવી ખોટા દસ્તાવેજોથી જમીન વેચી દીધા બાદ જમીન સંપાદન અંગે રૂ. ૯૫,૧૩,૩૨૪ નું વળતર મેળવી ગુનાહિત કૃત્ય કરનાર છોટાઉદેપુરનાં આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

કામરેજ પોલીસ સ્ટેશને આરોપી ધર્મેશકુમાર ઉર્ફે વિક્કી કનુભાઈ રાણા (રહે. સંખેડા, જિ. છોટા ઉદેપુર) સહિતના સામે ગુનો નોંધાયો હતો. આ કેસની વિગત એવી હતી કે આરોપીઓએ મૃત જમીનમાલિક કાશીબેનના નામે ખોટો પાવર ઓફ એટર્ની, આધારકાર્ડ, પાનકાર્ડ બનાવી ખોટા દસ્તાવેજ વડે જમીન વેચી મારી હતી.

ત્યારબાદ ખોટું વસિયતનામું બનાવી ફરી ગ્રામ પંચાયતમાં ૨૪/૦૬/૨૦૨૨ ના ખોટા મરણ દાખલા સાથે સરકારી દફ્તરમાં રજૂ કરી ગુડ્સ ટ્રેન પ્રોજેક્ટમાં જમીન સંપાદન થતાં રૂ. ૯૫,૧૩,૩૨૪નું વળતર ગેરકાયદે મેળવ્યું હતું. આ કેસમાં જેલવાસ ભોગવતાં આરોપી ધર્મેશકુમાર ઉર્ફે વિક્કીએ જામીન અરજી રજુ કરી હતી.

ફરિયાદ પક્ષે એપીપી દિપેશ દવેએ જામીન અરજીનો વિરોધ કરી લાંબા સમયથી આરોપી ફરાર રહ્યો હતો. હજુ ચાર્જશીટ રજૂ થઈ નથી. જામીન અરજી ની તરફેણમાં મુખ્ય આરોપીઓ પહેલેથી જ જામીન પર છે, પેરીટીના ધોરણે જામીન મળવા જોઈએની રજૂઆત કરી હતી. બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

3 હજારની લાંચના કેસમાં શિરસ્તેદારના જામીન કોર્ટે ફગાવ્યા

સુરતઃ લાંચ લેતા ઝડપાયેલાં ઓલપાડ સીટી સર્વે ઓફિસના શિરસ્તેદાર નીલેશ બાલુભાઈ પાંડવની જામીન અરજી એસીબી કોર્ટે ફગાવી દીધી હતી. ફરિયાદી મુકેશભાઈ ગોવર્ધનભાઈ જયાણીની પીપોદરાની મિલકતના પ્રોપર્ટી કાર્ડમાં નામ ફેરફાર કરવા માટે રૂપીયા ૩૦૦૦ની લાંચ કેસમાં એસીબીએ છટકું ગોઠવી આરોપી શિરસ્તેદાર નીલેશ પાંડવની ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપીએ જામીન મુક્ત થવા અરજી કરી હતી. આ જામીન અરજીનાં વિરોધમાં ડી.જી.પી. નયન સુખડવાલાએ દલીલ કરી હતી કે જો અરજદાર આરોપીને જામીન આપવામાં આવશે તો તે આવા ગુનાઓમાં સંડોવાયેલા ભ્રષ્ટ કર્મચારીઓને સ્પષ્ટ પ્રોત્સાહન આપશે અને કાયદાનો કોઈ ડર રહેશે નહીં. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ એસીબી કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

'એક કા ડબલ'ની લાલચમાં લેસના વેપારીએ રૂ.૮૯.૫૯ લાખ ગુમાવ્યા

ઈડીના બોગસ પત્ર અને દુબઈના ગોલ્ડન વિઝા બતાવી મહેતા દંપતિએ વિશ્વાસ જીત્યો

સુરતઃરિંગરોડ વિસ્તારમાં રહેતા એક પ્રતિષ્ઠિત વેપારીને બે વર્ષમાં નાણાં બમણા કરી આપવાની પ્રલોભનભરી સ્કીમો બતાવી મહેતા દંપતીએ રૂપિયા ૮૯.૫૯ લાખ પડાવી લીધા હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. ઠગબાજોએ વેપારીનો વિશ્વાસ જીતવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના નકલી પત્રોથી લઈને દુબઈના બનાવટી દસ્તાવેજોનો સહારો લીધો હતો. આખરે છેતરાયા હોવાનો અહેસાસ થતાં વેપારીએ અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રિંગરોડ જે.કે. ટાવરની સામે આવેલા જરીવાળા હાઉસમાં રહેતા સાગરકુમાર દિનેશચંદ્ર જરીવાલા કાપડના યાર્ન માંથી બનતા લેસના વેપાર સાથે સંકળાયેલા છે. ઓગસ્ટ ૨૦૨૧ દરમિયાન તેમનો સંપર્ક બ્રીજેશ જશવંતલાલ મહેતા અને તેની પત્ની જાનકી બ્રીજેશ મહેતા (રહે. સનશાઈન એપાર્ટમેન્ટ, વેસુ, સુરત તથા મુંબઈ) સાથે થયો હતો. મહેતા દંપતીએ સાગરકુમારને હીરા, જમીન, શેરબજાર અને ગોલ્ડ બુલિયનમાં રોકાણ કરવાની આકર્ષક યોજનાઓ સમજાવી હતી. બે વર્ષમાં મુદ્દલ રકમ ડબલ થઈ જશે તેવી ગેરંટી આપી દંપતીએ સાગરકુમાર પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં તેમજ રોકડા સ્વરૂપે કુલ રૂ.૮૯,૫૯,૪૦૦ પડાવી લીધા હતા.પોતે આર્થિક રીતે ખૂબ સક્ષમ અને વગદાર છે તેવું સાબિત કરવા માટે બ્રીજેશ મહેતાએ સાગરકુમારના વોટ્સએપ પર દુબઈના ગોલ્ડન વિઝા, વિદેશી ફ્લાઈટ ટિકિટો, હોટલ બુકિંગ, ટ્રેડ લાઈસન્સ અને વિદેશી બેંક ખાતાના સ્ટેટમેન્ટ મોકલ્યા હતા. એટલું જ નહીં, રોકાણ અટવાયું હોવાના બહાના હેઠળ ઈડીના નામે એક બનાવટી પત્ર પણ ઊભો કર્યો હતો. જોકે, સાગરકુમારે આ પત્રની ઈડી કચેરીમાં રૂબરૂ ચકાસણી કરાવતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો અને તમામ દસ્તાવેજો બોગસ હોવાનું બહાર આવ્યું હતું.વાયદાની મુદત પૂરી થવા છતાં નફો કે મૂળ રકમ પરત ન મળતાં સાગરકુમારે પોતાની રકમની ઉઘરાણી શરૂ કરી હતી. નાણા આપવાને બદલે તેણે સાગરકુમારને જાહેરમાં ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની તેમજ ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી હતી. છેવટે ન્યાયની આશાએ વેપારીએ અઠવા પોલીસ સ્ટેશનના દ્વાર ખટખટાવ્યા હતા. પોલીસે આ મામલે મહેતા દંપતી વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ધમકીનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

મોટી વેડમાં કળિયુગી પુત્રએ જ પિતાને પતાવી દીધા હતા

મર્ડરને આત્મહત્યામાં ખપાવવાની કોશિશ કરી હતી

પિતા-પુત્રના ઝઘડામાં વચ્ચે પડેલા કાકાને ૯ ટાંકા આવ્યા

સુરતઃ સિંગણપોર-ડભોલી વિસ્તારમાં આવેલા મોટી વેડ ગામમાં કળિયુગી પુત્ર દ્વારા પિતાની કરપીણ હત્યા કરી હતી. શરુઆતમાં પુત્રએ આ હત્યાને આત્મહત્યામાં ખપાવવાની કોશિશ કરી હતી. જો કે. પોલીસની આકરી પૂછપરછમાં તેણે ગુનો કબૂલી લીધો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ મોટી વેડ ગામના હળપતિ વાસમાં રહેતા યોગેશ રાજુભાઈ રાઠોડે પોલીસને જણાવ્યું હતું કે, તેના પિતા રાજેશભાઈ ગાંડાભાઈ રાઠોડ (ઉ.વ. ૫૫) માનસિક રીતે અસ્થિર હોય, તેઓએ તા. ૦૩/૦૭/૨૦૨૬ની રાત્રે પોતાના જ ઘરે શાકભાજી કાપવાના ચપ્પુ વડે ગળા અને માથાના ભાગે જાતે ઘા મારી દીધા હતા. ગંભીર હાલતમાં તેમને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તા. ૦૪/૦૭/૨૦૨૬ની વહેલી સવારે તેમનું મોત નીપજ્યું હતું.

જો કે, બનાવ શંકાસ્પદ લાગતા પોલીસે ઘરના સભ્યોની કડકાઈથી પૂછપરછ કરી ત્યારે મરણ જનારનો નાનો દીકરો સુભાષ ઉર્ફે ટુન્નો રાજેશભાઈ રાઠોડ (ઉ.વ. ૨૮) ભાંગી પડ્યો હતો. તેણે કબૂલાત કરી હતી કે, પિતા રાજેશભાઈ ગત તારીખ ૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ સવારથી જ પિતા ઘરે ઝઘડો કરતા હતા અને સાંજે સંદીપની પત્ની નેહાબેન સાથે પણ ગાળાગાળી કરી રહ્યા હતા.દરમિયાન, રાત્રિના સાડા નવથી દસ વાગ્યાના અરસામાં ઘરની સામે બાકડા તે બંને બેઠા હતા, ત્યાં ફરી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી.

જોતજોતામાં આ ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે પુત્ર સુભાષ ઉર્ફે ટુન્નો એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને શાકભાજી કાપવાના ચપ્પુ વડે પિતાના માથાના ભાગે, ગળા પર, ડાબા ગાલ પર તેમજ કપાળના ભાગે ચપ્પુના ઉપરાઉપરી ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. પિતાને બચાવવા માટે વચ્ચે પડેલા કાકા બળવંતભાઈ પર પણ સુભાષે ચપ્પુથી હુમલો કરતા બળવંતભાઈને ડાબા હાથે ૯ ટાંકા આવ્યા હતા.

ડભોલીમાં નશામાં રત્નકલાકારે ફાંસો ખાઈને આપઘાત કર્યો

સુરતઃ ડભોલીમાં નશામાં રત્નકલાકારે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની 45 વર્ષીય અરુણભાઈ પુંડલિકભાઈ પાટીલ હાલમાં ડભોલીમાં શ્યામ દર્શન સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. તેઓને નશાની કુટેવ હતી. તેમની પત્ની ડભોલી ગામમાં આવેલી આંગણવાડીમાં સેવિકા છે. કાલે રાત્રે અરુણભાઈએ ઘરમાં ફાંસો ખાઈ લીધો હતો.તેમને નશામાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું હતું. આ અંગે વધુ તપાસ સિંગણપોર પોલીસ કરી રહી છે.

લિંબાયતમા વકીલ પર હુમલો, બારે ઘટનાને વખોડી કાઢી

બીસીજી સભ્ય ઝકી શેખે કડક કાર્યવાહી કરવાની માંગ કરી

વકીલ અલ્તાફના ઘરે પોલીસ બંદોબસ્ત ગોઠવવા રજૂઆત

સુરતઃ વકીલ મોહમ્મદ અલતાફ ભરૂચી પર થયેલાં હુમલાને કારણે આજે વકીલોમાં રોષ વ્યાપી ગયો હતો અને બપોરે તાબડતોબ સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, મુકુંદ રામાણી સહિતનાં પદાધિકારીઓ ભેગા થઈ આ ઘટનાને વખોડી કાઢી ઠરાવ કર્યો હતો કે વકીલની ગરીમાને નુકશાન પહોંચાડતા હોય, તેવા ઈસમોના બચાવ કરવા કોઈ પણ વકીલએ વકીલપત્ર નહિ મુકવા વિનંતી કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે ગઈકાલે એડવોકેટ અલ્તાફ ભરૂચી પર લિંબાયત વિસ્તારના ઈમરાન ઈલિયાસ પટેલ, અનવર ઈલ્યાસ પટેલ અને અફઝલ ઈલ્યાસ પટેલે હુમલો કરતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટનાને પગલે બીસીજીના સભ્ય ઝકી શેખ તથા હરીશ નાકરાણીએ ડીસીપી તથા અન્ય અધિકારી સાથે વાતચીત કરી આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. વકીલ અલ્તાફના ઘરે પોલીસ બંદોબસ્ત ગોઠવવા રજુઆત કરી હતી.

ઉધનામાં અનેક પરિવારને રાત્રે બહારનું ખાવું પડયું

રોડ ખોદકામ દરમિયાન મુખ્ય ગેસ પાઇપલાઇનને નુકસાન થતાં ઉધનાના કાશીનગર સહિતના વિસ્તારોમાં 12 કલાક ગેસ પુરવઠો ખોરવાયો

સુરતઃ ઉધના ગામ વિસ્તારમાં ચાલી રહેલા રોડ ખોદકામ દરમિયાન ગુજરાત ગેસની મુખ્ય ગેસ પાઈપલાઈનને નુકસાન પહોંચતા ઉધના ગામ, કાશીનગર અને આસપાસના વિસ્તારોમાં ઘરેલુ પાઈપલાઈન ગેસનો પુરવઠો અચાનક બંધ થઈ ગયો હતો.

ઘટના બાદ સલામતીના ભાગરૂપે ગુજરાત ગેસે તાત્કાલિક અસરથી ગેસ પુરવઠો બંધ કરી દીધો હતો.

મળતી માહિતી મુજબ બપોરે અંદાજે 2.30થી 3.00 વાગ્યાની વચ્ચે ગેસ પુરવઠો ખોરવાયો હતો. ગુજરાત ગેસ દ્વારા ગ્રાહકોને મોકલાયેલા સંદેશમાં જણાવાયું હતું કે ગેસ પાઈપલાઈનની મરામત કામગીરીમાં વિલંબ થતાં અસરગ્રસ્ત વિસ્તારોમાં આશરે 12 કલાક સુધી ગેસ પુરવઠો પ્રભાવિત રહેશે. કંપનીની ટીમ યુદ્ધના ધોરણે મરામત કામગીરી હાથ ધરી ગેસ પુરવઠો વહેલી તકે પૂર્વવત્ કરવા પ્રયાસ કરી રહી હોવાનું પણ જણાવાયું હતું.

ગેસ પુરવઠો લાંબા સમય સુધી બંધ રહેતા ભારે વરસાદ વચ્ચે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને રાત્રિની રસોઈ બનાવી શકાય નહીં હોવાથી ઘણા પરિવારોને બહારથી તૈયાર ભોજન મંગાવવું પડ્યું હતું. કેટલાક લોકોએ હોટલ અને ટિફિન સેવાઓનો સહારો લીધો હતો.

સ્થાનિક રહિશોએ જણાવ્યું હતું કે તૂટેલી ડ્રેનેજ લાઇન દરમિયાન રોડ ખોદકામ જેવી કામગીરી દરમિયાન જરૂરી તકેદારી રાખવામાં આવે તો આવી પરિસ્થિતિ ટાળી શકાય. બીજી તરફ ગુજરાત ગેસની ટીમે નુકસાનગ્રસ્ત પાઈપલાઈનનું સમારકામ શરૂ કરી પુરવઠો વહેલી તકે પુનઃસ્થાપિત કરવા કામગીરી તેજ કરી હતી.

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

એઆરએમબી સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૨૨૫ email : cs8323@pnb.bank.in

સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

ઈ-હરાજી તા.૧૪.૦૮.૨૦૨૬ । નિરીક્ષણ તા. ૧૩.૦૮.૨૦૨૬ સુધી કામકાજ ના દિવસો માં (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) । ઈ-હરાજીના સમય સુધીમાં ઈએમડી જમા કરાવવી જોઈએ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ-હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૧૪.૦૮.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા ૧૦ મીનીટના સુધી માટે કરવામાં આવશે.** પંજાબ નેશનલ બેંક, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

નં.	શાખાનું નામ ખાતાનું નામ દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગત ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતો ના ગીરવેદારો)	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ બ) તા.૩૦.૦૬.૨૦૨૬ ના રોજ બાકી રકમ + વધારાનું વ્યાજ અને તેના પર ખર્ચા જો કોઈ રીકવરી થઈ હોય તો ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	અ) અનામત કિંમત બ) ઈએમડી ક) બોલી વધારાની રકમ (રૂા. લાખમાં)	સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત Property ID :
૧	પીએનબી : મજુરા (૦૭૯૧૦૦) **૧) શ્રી ડિવામીરા સીલ્ક (એક માલિકની પેઢી)** દુકાન નં. ૮૧૧૩/૧૧૪, મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ-૪, રીંગ રોડ, ભાઠેના, સુરત ૩૯૫૦૦૨ ગુજરાત. **રહેઠાણ :** દુકાન નં. ૪૫/૪૬, મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪, રીંગ રોડ, ભાઠેના, સુરત ૩૯૫૦૦૨ ગુજરાત. **શ્રી અમીત કુમાર અગ્રવાલ તે દિનદયાલ અગ્રવાલ ના પુત્ર (માલિક ડિવામીરા સીલ્ક)** **કુમારી નુપુર અમીત અગ્રવાલ તે અમીત અગ્રવાલ ના પુત્રી (જામીનદાર)** ૬૦૧, ૬ઠ્ઠો માળ, બ્લોક સી, અમૃત કુંજ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, અઠવા, સુરત, ગુજરાત ૩૯૫૦૦૧ **શ્રીમતી મમતા અગ્રવાલ તે રવી અગ્રવાલ ના પત્ની (જામીનદાર):** ઈ ૩૦૮ આર્શીવાદ પેલેસ જીવકોર નગર, ભટાર ચાર રસ્તા નજીક, સુરત, ગુજરાત- ૩૯૫૦૦૭	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪ નામે ઓળખાતો ગ્રાઈન્ડ ફ્લોર કોર્મશીયલ કોમ્પલેક્ષ ની દુકાન નં. ૪૫ માપ ૬૪૫.૪૦૯ ચો.ફુટ (બિલ્ટઅપ એરિયા) એટલે ૫૯.૯૬૦ ચો.મી બરાબર અને ૬૨૦.૪૪૮ ચો.ફુટ (કારપેટ એરિયા) એટલે ૫૭.૬૪૧ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી સહિત માપ ૨૦૨.૪૫૯ ચો.ફુટ. એટલે ૧૮.૮૦૯ ચો.મી જમીન ઉપર થયેલ બિલ્ડીંગના બાંધકામ નો રેવન્યુ સર્વે નં.૬૮+૨૯૫ પૈકી ૧ માપ ૪૭,૦૩૭ ચો.મી. મોજે. ઉધના, જૂનો તાલુકા. સીટી સુરત, નવો તાલુકા. ઉધના, જી.સુરત, ખાતે **શ્રીમતી નુપુર અમીત અગ્રવાલ** ના નામે આવેલ છે. જેની ચતુંદિશા : **પુર્વે :** જોડેની ખાડી, **પશ્ચિમે :** જોડેનો રે.સ નં. ૬૭, **ઉત્તરે :** જોડેની ખાડી, **દક્ષિણે :** જોડેનું રેલ્વેની હદ. તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મીલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ -૪ નામે ઓળખાતો ગ્રાઈન્ડ ફ્લોર કોર્મશીયલ કોમ્પલેક્ષ ની દુકાન નં. ૪૬ માપ ૬૩૮.૧૯૮ ચો.ફુટ (બિલ્ટઅપ એરિયા) એટલે ૫૯.૨૯૦ ચો.મી બરાબર અને ૬૧૯.૩૫૦ ચો.ફુટ (કારપેટ એરિયા) એટલે ૫૭.૫૩૯ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી સહિત માપ ૨૦૦.૧૯૭ ચો.ફુટ. એટલે ૧૮.૫૯૯ ચો.મી જમીન ઉપર થયેલ બિલ્ડીંગના બાંધકામ નો રેવન્યુ સર્વે નં.૬૮+૨૯૫ પૈકી ૧ માપ ૪૭,૦૩૭ ચો.મી. મોજે. ઉધના, જૂનો તાલુકા. સીટી સુરત, નવો તાલુકા. ઉધના, જી.સુરત, ખાતે **શ્રીમતી નુપુર અમીત અગ્રવાલ** ના નામે આવેલ છે. જેની ચતુંદિશા : **પુર્વે :** જોડેની ખાડી, **પશ્ચિમે :** જોડેનો રે.સ નં. ૬૭, **ઉત્તરે :** જોડેની ખાડી, **દક્ષિણે :** જોડેનું રેલ્વેની હદ આવેલ છે.	અ) ૧૧.૦૨.૨૦૨૬ બ) રૂા.૩,૨૦,૧૯,૫૫૮.૯૫ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૮.૦૪.૨૦૨૬ ડ) સાંકેતિક કબજો	અ)રૂા.૧૮૬.૦૦ બ) રૂા.૧૮.૬૦ ક) રૂા.૧.૦૦	જાણમાં નથી PUNB 079100 DIVAMIRA

નિયમો અને શરતો : વેચાણ સિક્યોરિટી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે. **૧.** મિલકતો **'જેમ છે જ્યાં છે તેના આધારે'** અને **'જેમ છે જે છે તેના આધારે'** અને **'જેમ છે ત્યાં છે તેના આધારે'** વેચવામાં આવી રહી છે. **૨.** સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સુચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં ૩. જો હરાજી કરાયેલ મિલકત સાંકેતિક કબજામાં હોય, તો મિલકતના પ્રત્યક્ષ કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓની નિકાલ ક્ર્યા પછી જ સફળ ખરીદનારને પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે. **૪.** વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર **તારીખ ૧૪.૦૮.૨૦૨૬ નારોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** કરવામાં આવશે. પૂરા પાડવામાં આવેલ ઈ-ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. **૫.** સફળ બોલી લગાવનાર દ્વારા બેંક ને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ /બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે. **૬.** ખરીદનાર/ ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ SARFAESI એક્ટ ૨૦૦૨ હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર જ્યાં, લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જમીનદાર)ના નામે અને પાન નંબરનો સમાવેશ થાય છે. **૭.** વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા મો : **૮૧૪૬૦૯૨૮૭૭, ૯૬૨૪૫૭૭૨૨૫** પર કોલ કરો. **૮.** કાનુની પ્રક્રિયા દ્વારા પ્રત્યક્ષ કબજો મેળવ્યા પછી સાંકેતિક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે. **૯.** કોઈપણ કાનુની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર પ્રત્યક્ષ કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારીની જવાબદાર રહેશે નહીં.

SCAN HERE For detailed Terms & Conditions

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ

(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તા.૦૭.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર